Shree Ghoghari Lohana Mahajan, Mumbai (પબ્લીક ટ્રસ્ટ રજી. ન. એ-૧૫૮૬-બી)

# શ્રી ઘોઘારી લોહાણા સંદેશ

## શ્રી ઘોઘારી લોહાણા મહાજન - મુંબઈનું મુખપત્ર

લોહાણા ભવન, પાલીરામ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૮. - મોબાઈલ : +૯૧ ૯૯૮૭૨૪૦૪૦૪
ફોન : +૯૧ - ૨૨ - ૨૬૨૮ ૩૭૧૫ - E-mail : secretary@sglm.in - Website : www.sglm.in

તંત્રી : શ્રી રમેશ હરીલાલ ગઢીયા - સહતંત્રી : શ્રીમતી મીનાબેન પ્રકાશભાઈ મગદાણી, શ્રીમતી દિવ્યાબેન ચેતનભાઈ અઢીયા

વર્ષ - ૩ | અંક - ૫ | જાન્યુઆરી ૨૦૧૯ | મુલ્ય - રૂા. ૫/-



## પ્રમુખ સ્થાનેથી

પ્રિય આપ્તજનો,

ઈશુના નવા વર્ષ ૨૦૧૯ની આપ સર્વેને શુભ કામના. આપનું આ વર્ષ દરેક પ્રકારે સુખમય નિવડે તેવી પ્રભુ પાસે પ્રાર્થના કરૂં છું. ગત વર્ષ ઘણી ગતિવિધિઓ સાથે પસાર થયું. ઈશ્વરની કૃપા, આપ સૌનો પ્રેમ અને શુભેચ્છા અને મારા સહકાર્યકર્તાઓના સહયોગથી આપણા મહાજનની પ્રવૃત્તિઓ ખૂબ જ સંતોષકારક રીતે પ્રગતિ કરી રહી છે. મહાજનની કારોબારીની મિટીંગો સમયસર મળતી રહે છે. અને તેમાં દરેકના પ્રશ્નોનું નિરાકરણ થતું રહે છે. અને સભ્યોના સલાહ સૂચન મુજબ કાર્યવાહીમાં યોગ્ય જોઈતા ફેરફારો પણ કરાઈ રહ્યા છે.

આપણા સ્નેહ મિલનના કાર્યક્રમમાં સભ્યોની સુંદર હાજરી રહેતા કાર્યક્રમની શોભા ઘણી વધી ગઈ હતી. આદરણીય મુખ્ય મહેમાનોએ સહકુટુંબ પધારી કાર્યક્રમની શોભા વધારી હતી. જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓનું તેમની મહેનતના વળતરરૂપે તેમનું સન્માન કરવું એ ખરેખર ગૌરવ લેવા જેવી વાત છે. તેમની મહેનતના છોડને વૃક્ષનું સ્વરૂપ આપવા તેમના નામે વૃક્ષારોપણનું કાર્ય કરનાર મારા સહકાર્યકર્તા અને આપણા મહાજનના ચેરમેન ટ્રસ્ટી શ્રી કુણાલભાઈ વજાણીને ખૂબ ધન્યવાદ આપું છું. આપણી જ્ઞાતિના વરિષ્ઠ નાગરિકોનું સન્માન કરવું એ આપણી નૈતિક ફરજ છે. તેમની હાજરી એ પ્રેરકબળ પુરૂં પાડયું. સ્નેહી શ્રી મગનભાઈ સવાણી તથા મારા સહકાર્યકર્તા અને મિત્ર એવા શ્રી અજીતભાઈ વજાણીનું મરણોત્તર જ્ઞાતિરત્ન સન્માનથી હૈયું ભાર અનુભવતું હતું. સહકાર્યકર્તા અને સ્નેહી એવા શ્રી કિરણભાઈ રાયચુરાનું દિવંગત સન્માન પણ હૃદય ભારે કરી ગયું. સમાજ અને મહાજન આવા સંનિષ્ઠ નિઃસ્વાર્થી કાર્યકર્તાઓની સેવાથી વંચિત રહેશે. જ્ઞાતિના અગ્રગણ્ય નિઃસ્વાર્થી સેવક એવા શ્રી રમેશભાઈ વસાણી તથા શ્રી વિનુભાઈ વસાણીનું સન્માન કરવાનો અવસર મળતા આનંદ થયો. શ્રી રમેશભાઈ વસાણી ઉંમરમાં અને અનુભવમાં મારાથી મોટા છે, છતાં પણ એક હમ ઉંમર મિત્રની જેમ વ્યવહાર રાખે છે. અને વખતો વખત સલાહ સૂચન પણ કરે છે. શ્રી વિનુભાઈ વસાણી કે, જેઓ સમાજ માટે હંમેશા કંઈક કરી છૂટવાની ભાવના રાખે છે તેમનો પણ આભાર માનું છું.

આ વર્ષના કાર્યક્રમોમાં ઈ-વેસ્ટ મેનેજમેન્ટનો કાર્યક્રમે મહાજનનું એક આગવું પગલું હતું. જે આપણા દેશના પર્યાવરણની રક્ષા માટેનું એક સુંદર પગલું હતું. એ કાર્યક્રમને મળેલો સુંદર પ્રતિસાદ એ આજના સમાજની જાગરૂકતા દર્શાવે છે. આ વર્ષનો વધુ એક સફળ કાર્યક્રમ એટલે તિબેટીયન ચિકિત્સા શિબિર! આપણા મહાજનના સભ્ય અને મારા વડિલ મુરબ્બી શ્રી હિરાભાઈ વિઠલાણી, શ્રીમતી ઈન્દીરાબેન વિઠલાણી, કુ. જલ્પા વિઠલાણીના સહયોગથી એક સફળ શિબિરનું આયોજન કર્યું. આ કાર્યક્રમના શુભારંભમાં પોતાના બધા જ અગત્યના કામો બાજુ પર મૂકીને હાજરી આપનાર સ્નેહી શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીનો આભાર માનીએ તેટલો ઓછો છે. સાથે સાથે ભૂતપૂર્વ એમ. પી. શ્રીમતી પ્રિયા દત્ત રોન્કોનનો પણ આભારી છું. આ કાર્યક્રમને દરેક રીતે સફળ બનાવવામાં સાથ આપનાર આપણી મહાજનની કારોબારી સમિતિના સભ્યોનો પણ ખૂબ આભારી છું. દરેક સમિતિઓનું કાર્ય ખૂબ જ વ્યવસ્થિત પણે ચાલી રહ્યું છે. અંધેરી વાડી તથા ઑફિસના બિલ્ડીગમાં મેમ્બરો સાથે ૨(બે) સફળ મિટીંગ થઈ ગયેલ છે. અને તેમાં પ્રગતિ થઈ રહેલ છે. મુંબઈના મકાન ઝીણા બોઘાની વાડીનું કામકાજ પણ વ્યવસ્થિત પણે થઈ રહ્યું છે. અને વખતો વખત તેની જાણ સભ્યોને કરાઈ રહી છે. અને કરાતી રહેશે.

શ્રી લોહાણા મહિલા સમાજ, શ્રી લોહાણા યુવક મંડળ, મુંબઈ, અંધેરી-પાર્લા તથા વડલોની પ્રવૃત્તિઓ ઉતરોત્તર સફળતાપૂર્વક થઈ રહેલ છે. તે દરેક મંડળના સભ્યોને અભિનંદન. આપણા નવા નવયુવક મંડળને શુભેચ્છા અને પૂર્ણ સહકારની ખાત્રી આપું છું. શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા અને તેમની ક્રિકેટ ટીમને પણ અભિનંદન. શ્રી કુણાલભાઈ વજાણીનો તેમનો અમૂલ્ય સમય સમાજ માટે ફાળવવા બદલ આભાર માનું છું. હર વખતની જેમ ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટનો સહયોગ નિયમિત પણે મળતો રહે છે.

વરણી સમિતિ તથા સલાહકાર સમિતિના સભ્યોના સહકાર બદલ આભાર. પ્રમુખ, ટ્રસ્ટી, અન્ય પદાધિકારીઓની મુદત પુરી થતાં નવી નિમણુંક - વરણી સમિતિ, સલાહકાર સમિતિની મદદથી કરશે. આપણા સમાજની પ્રવૃત્તિઓ સુંદર અને વ્યવસ્થિત રીતે ચાલે તે માટે મને મદદરૂપ થનાર સર્વ સહકાર્યકર્તા તથા કારોબારી સભ્યોનો હૃદયપૂર્વક આભારી છું. અને ભવિષ્યમાં આપ સૌના સહકારથી હજુ વધારે સારી રીતે કાર્ય કરી શકીએ તેવી આશા રાખું છું.

**- સતીષ વિઠલાણી**

VAJANI

ફરજ • આદર • ગર્વ

*Choicest Compliments of the Season From*

# *Vajani Foundation*

Philanthropic Initiative of the Vajani Family under the virtuous leadership of
Smt. Bina Prajesh Vajani

**The best way to find yourself is to lose yourself in the service of others.**

**Harmony is when what you think, what you say and what you do are in harmony,**

**Mahatama Gandhi**

54, Anand Lok, New Delhi - 110 049.

Krishna Villa, Monghibai Road, Vile Parle [East], Mumbai - 400 057.

T: (B) +9 (11) 4167 4442 / 4167 4443 I E: vajanifoundation@vajanis.com

# તંત્રી સ્થાનેથી

સુજ્ઞ વાચકગણ,

ઈ.સ. ૨૦૧૯નો પ્રથમ અંક આપની સમક્ષ રજુ કરતાં આનંદની લાગણી અનુભવું છું. મહાજનની જ્ઞાતિ પ્રવૃત્તિઓ જેવી કે આર્થિક, શૈક્ષણિક, તબીબી, ઔષધીય, અન્ન સહાય, વડલો, મહિલા સમાજની પ્રવૃત્તિઓ, યુવા વર્ગની પ્રવૃત્તિઓ તથા સામાજિક જાગૃતિનો સચિત્ર અને સંતોષકારક અહેવાલ આપની સમક્ષ રજુ કરવાનો અમારો નમ્ર પ્રયાસ છે. આપના પ્રતિભાવની હંમેશા અમને પ્રતિક્ષા રહે છે, જેથી અમે ઉત્તરોત્તર ધોરણ સુધારી શકીએ. પ્રતિભાવ જરૂરથી આપશો તેવી આશા રાખુ છું. આ અહેવાલ તૈયાર કરવામાં સહાયરૂપ બનેલ સર્વે સમિતિઓ, મારા સહકાર્યકર્તાઓ અને સર્વે જાહેરખબર દાતાઓનો ખુબ જ આભારી છું.

– રમેશ હરીલાલ ગઢીયા

# કારોબારી સમિતિ અહેવાલ

શ્રી ઘોઘારી લોહાણા મહાજનની કારોબારી સમિતિની સભા તારીખ ૧૮.૧૧.૨૦૧૮ ના રવિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે શ્રી ઘોઘારી લોહાણા મહાજન વાડી, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૮ ખાતે મળેલ હતી, જેમાં અગત્યના કામો અને પ્રશ્નો અંગે વિચારણા કરવામાં આવી હતી.

## કાર્યસૂચિ

૧) પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણીના માતુશ્રી શ્રીમતી દમયંતીબેન ધીરજલાલ વિઠલાણી તથા શ્રી કિરણભાઈ નરોત્તમદાસ રાયચુરાને બે મીનીટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી.

૨) ગત સભા તારીખ ૦૯.૦૯.૨૦૧૮ની મિનિટ્સનું વાંચન કરવામાં આવ્યું જેને શ્રી ધીરૂભાઈ તન્ના તથા શ્રી લક્ષ્મીકાંતભાઈ ઠક્કરે અનુમોદન આપ્યું હતું.

૩) તારીખ ૦૧.૦૪.૨૦૧૮ થી તારીખ ૩૧.૧૦.૨૦૧૮ સુધીના હિસાબોની પારદર્શી રજુઆત શ્રી અજીતભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવી હતી. જેની પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણીએ પ્રશંસા કરી હતી.

૪) મુંબઈની જીણા ઘોઘાની વાડી તથા અંધેરી વાડીના મકાનને લગતા પ્રશ્નોની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણીએ શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરા, શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયા, શ્રી પ્રકાશભાઈ મગદાણી, શ્રી રામભાઈ ગઢિયા જેવા સંનિષ્ઠ કાર્યકરોએ કરેલા તેમના કાર્યોની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે, આવા કાર્યકર્તા મળવા એ ખરેખર સદ્ભાગ્ય છે. શ્રી જનકભાઈ ઠક્કર દ્વારા સમયસર મળી રહેતા સાથ - સહકાર બદલ પ્રમુખ શ્રી એ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. આપણા ઑફિસના કાર્યકર્તા શ્રી કમલેશભાઈ વડેરા હવે જાગૃત થઈને દરેક કાર્ય ખૂબ જ વ્યવસ્થિત સંભાળે તેવી પ્રશંસા પણ કરી હતી. શ્રી વિનુભાઈ ગઢિયાના કાર્યને પણ બિરદાવ્યું હતું.

૫) સી. સી. ટી. વ્હી. કેમેરા મુકવા માટેની વિનંતી પર પણ નિર્ણય લેવાયો હતો. અને નવું વસતી-પત્રક બનાવવા અંગે ચર્ચા - વિચારણા થઈ. સ્નેહમિલનમાં તે વિશે બધાને જણાવવાનું નક્કી થયું હતું.

૬) આગામી સામાન્ય સભાના તારીખ, સ્થળ, સમય વગેરે વિશે વાતચીત થઈ હતી. જેની સભ્યોને સમયસર જાણ કરવામાં આવશે, તેવું જણાવાયું હતું.

૭) હવે પછીના કાર્યક્રમો જેવા કે મેડિકલ કેમ્પ, મોતીયા ઓપરેશનો, સ્નેહમિલનના કાર્યક્રમ, તિબેટીયન કેમ્પ અંગે બધી ચર્ચા-વિચારણા થઈ હતી અને લાગતા વળગતા સભ્યોને તે અંગેની જવાબદારી સોંપાઈ હતી.

ત્યારબાદ, વધારાનું કોઈપણ કાર્ય ન રહેતા સભા પૂર્ણ જાહેર કરાઈ હતી.

# દાતાઓની નામાવલી

શ્રી ઘોઘારી લોહાણા મહાજનના ટ્રસ્ટી અને સંનિષ્ઠ કાર્યકર્તા ડૉ. સુર્યાબેન જયંતીલાલ રૂપારેલીયા તરફથી કુલ રૂા. ૧,૧૦,૦૦૦/- ની રકમ એપ્રિલ ૨૦૧૮ થી જાન્યુઆરી ૨૦૧૯ સુધી ભેટ સ્વરૂપે મળેલ છે. તદ્ઉપરાંત શ્રીમતી નલીનીબેન અમૃતલાલ પોપટ, વિલેપાર્લા (મુંબઈ) તરફથી રૂા. ૫૦,૦૦૦/-, શ્રીમતી પ્રજ્ઞાબેન પ્રભુદાસ અમલાણી, કાંદિવલી (મુંબઈ) તરફથી રૂા. ૨૧,૦૦૦/-, શ્રી લોહાણા વિદ્યાર્થી ભવન, અંધેરી (મુંબઈ) ના પ્રમુખ શ્રી રમેશભાઈ એન. વસાણી તરફથી રૂા. ૨૧,૦૦૦/- અને શ્રી ભુષણ ડી. સરૈયા તરફથી રૂા. ૧૦,૦૦૦/- ભેટ તરીકે મળેલ છે.

# શ્રી ઘોઘારી લોહાણા

# સંદેશ

ને હાર્દિક શુભેચ્છા

જનક ચીમનલાલ ઠક્કર
સ્મીતા જનક ઠક્કર

કપિલ જનક ઠક્કર
નેહલ કપિલ ઠક્કર

હંસલ જનક ઠક્કર
પ્રિયા હંસલ ઠક્કર

આર્યન, માયરા, પુષ્ટી, ધારણ

માતુશ્રી જસવંતીબેન ચીમનલાલ કન્યાશાળા (બાબરા)
શેઠશ્રી ચીમનલાલ પુરશોતમદાસ કુમારશાળા (બાબરા)

# સ્નેહમિલન



રવિવાર, તારીખ ૨૫.૧૧.૨૦૧૮ એ શ્રી ઘોઘારી લોહાણા મહાજનનો યાદગાર દિવસ! પ્રેમ અને ભાવભર્યા વાતાવરણમાં લોહાણા વિદ્યાર્થી ભવન, અંધેરીના પ્રાંગણમાં, પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ આપણું દિવાળી સ્નેહમિલન યોજાયું હતું.

સર્વત્ર આત્મીયતા સભર વાતાવરણ હતું. પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણી અને બીજા કારોબારી સભ્યો ઉત્સાહથી બધાને મળી રહ્યાં હતાં. દક્ષતાથી બધે ધ્યાન પણ આપી રહ્યાં હતાં. મંચ ઉપરની સજાવટ આકર્ષક હતી. મંચ ઉપર તથા ગ્રાઉન્ડમાં ઉત્તમ વ્યવસ્થા હતી. બરાબર સાંજના ૬(છ) વાગ્યે માનદ્‌મંત્રી શ્રી પ્રકાશભાઈ મગદાણીએ પ્રમુખશ્રીને, મેનેજીંગ ચેરમેનને, ટ્રસ્ટીઓને અને કારોબારી સભ્યોને મંચ પર આવવા આમંત્રણ આપ્યું.

શ્રી રામભાઈ ગઢીયા, શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરા અને શ્રી જતીનભાઈ પોપટે સંસ્કૃત પ્રાર્થનાથી શુભ શરૂઆત કરી. શ્રીમતી મીનાબેન મગદાણીના મધુર સ્વરે મંગલ ગીત ગવાયું. સર્વત્ર જાણે શુભ સંચાર થયો. એક અનોખું વાતાવરણ નિર્માણ થયું હતું.

સર્વે મહાનુભાવો, આમંત્રિત મહેમાનો સ્વ સ્થાને બેઠા હતાં. સભ્યોનું આગમન થઈ રહ્યું હતું. માનદ્‌મંત્રી શ્રી જતીનભાઈ પોપટે બધાને વિક્રમ સંવત ૨૦૭૫ના નવા વર્ષની વધાઈ આપી. તન-મન-ધન થી બધા સમૃધ્ધ બને, તેવી પ્રાર્થના કરી અને સહુનું સ્વાગત કર્યું.

જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માનનો કાર્યક્રમ શરૂ થયો. ઉપપ્રમુખ કુ. ધર્મીબેન મગદાણીએ બધી વિગતો સમજાવી. મેરીટ લિસ્ટમાં આવનાર **S.S.C., I.C.S.E, H.S.C.** બોર્ડના વિદ્યાર્થીઓમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને રૂા. ૧૧,૦૦૦/- દ્વિતીય ને રૂા. ૭,૫૦૦/- અને તૃતીય ને રૂા. ૫,૦૦૦/- ના પારિતોષિકો શેઠ ખીમજી ભગવાનદાસ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી આપવામાં આવ્યા. આ ઉપરાંત વજાણી ફાઉન્ડેશન તરફથી બધાને પાવર બેન્ક અને ઓશાકા ફર્નીશીંગ તરફથી ગીફ્ટ વાઉચર આપી સહુને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સ્નાતક સ્તર પર આર્ટસ, કૉમર્સ અને સાયન્સના વિદ્યાર્થીઓ, સી.એ., એલ.એલ.બી. જેવા પ્રોફેશનલ કોર્સીસના ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ ઈતર પ્રવૃતિમાં નામ રોશન કરનાર વિદ્યાર્થીઓ આ








સહુને આ રીતે જ મંચ ઉપર ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પારિતોષિકો અપાયા હતા.

કુ. ધર્મીબેન મગદાણીએ વિદ્યાર્થીઓના વર્ષભરના પરિશ્રમને બીરદાવ્યો અને સાથે સમજાવ્યું કે, **They are the future of the Society.**

દરેક વિદ્યાર્થી વતી વજાણી ફાઉન્ડેશને એક વૃક્ષ રોપવાનું નક્કી કર્યું હતું. અને તેનું ગ્રીન ટ્રી સર્ટિફિકેટ દરેક વિદ્યાર્થીને અપાયું હતું. વૃક્ષનો નંબર અને કઈ જગ્યાએ વાવ્યું છે. તે બધી જ માહિતી વેબસાઈટ ઉપર ઓનલાઈન મળશે એમ પણ સહુને જણાવવામાં આવ્યું હતું. દરેક વિદ્યાર્થીને મહાજન તરફથી એપ્રીસીએશન સર્ટીફિકેટ પણ અપાયા હતા. કુ. ધર્મીબેન મગદાણીએ દરેક દાતાઓનો આભાર માન્યો હતો. વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણીએ બધાને ખૂબ ખૂબ ભણવાનું પ્રોત્સાહન આપ્યું હતું.

ત્યારબાદ, જ્ઞાતિના વરિષ્ઠ નાગરિકોનું સન્માન કરવામાં આવ્યું. શાલ, શ્રીફળ, શ્રીમદ્ ભગવદ્ ગીતા અને રૂદ્રાક્ષની માળા આપવામાં આવ્યા. દરેક વરિષ્ઠ નાગરિક વતી પણ વજાણી ફાઉન્ડેશને એક-એક વૃક્ષ વાવ્યા હતા. જેની માહિતી વેબસાઈટ પરથી ઓનલાઈન સહુને મળશે એમ જણાવ્યું હતું. આ બધા કાર્યક્રમ દરમ્યાન સભ્યોની હાજરી સતત વધતી જતી હતી.

જ્ઞાતિ માટે પોતાના સમયનો ઉત્તમ ઉપયોગ કરી, જીવન સાર્થક કરી જનાર જ્ઞાતિજનો - જેઓ આજે આપણી વચ્ચે હાજર નથી એમને દિવંગત સન્માન આપવાની જાહેરાત શ્રી પ્રકાશભાઈએ કરી હતી.

પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણી, શ્રી રમેશભાઈ વસાણી, ડૉ. આર. જી. જીમુલીયા, શ્રી કુણાલભાઈ વજાણી તથા અન્ય માનવંતા મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

શ્રી ઘોઘારી લોહાણા મહાજનના ચેરમેન શ્રી કુણાલભાઈ વજાણીએ દિવંગત શ્રી મગનભાઈ સવાણીનું માનપત્ર વાંચ્યું હતું. શ્રી મગનભાઈની જીવનયાત્રા, તેમના સંઘર્ષ અને સફળતાનો, તેમના જ્ઞાતિ સેવાના કાર્યોનો લોકોને પરિચય આપ્યો હતો. શ્રી મગનભાઈના પરિવારજનોએ મંચ ઉપર આવી આ માનપત્ર અને મોમેન્ટો ગ્રહણ કરી પોતાના વડીલ માટે ગૌરવ અનુભવ્યું હતું.

સ્વ. શ્રી અજીતભાઈ વજાણીનું માનપત્ર, પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણીએ વાચ્યું હતું. તેમના જ્ઞાતિ સેવાના કાર્યોને તેમની સ્વભાવગત વિશેષતાઓને બીરદાવી હતી. સ્વ. શ્રી અજીતભાઈ વજાણીના પત્ની ભાવનાબેન અને તેમના પરિવારે આ માનપત્ર અને મોમેન્ટો સ્વીકારી ધન્યતા અનુભવી હતી.






અજીતભાઈના પુત્ર શ્રી દેવાંશ વજાણીએ પોતાની મનોભાવના વ્યક્ત કરતાં જણાવ્યું કે, પિતાને પગલે ચાલી અમે પણ તેમના જેટલી જ નિષ્ઠા અને પ્રામાણિકતાથી જ્ઞાતિકાર્ય કરવાનું પ્રણ લઈએ છીએ.

ત્યારબાદ, સ્વ. શ્રી કિરણભાઈ રાયચુરાનું દિવંગત સન્માન પત્ર મહાપરિષદના મુંબઈ સહ મહારાષ્ટ્રના મહિલા વિભાગના પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ઠક્કરે વાંચી સંભળાવ્યું હતું. સ્વ. શ્રી કિરણભાઈ સાથે જ્યોતિબેને અનેક વર્ષ યુવક મંડળનું કામ સંભાળ્યું હતું. જ્ઞાતિને **missed call services** ઉપરાંત બીજી અનેક સેવાઓ આપનાર સ્વ. શ્રી કિરણભાઈના પત્ની શ્રીમતી ભાવનાબેન અને તેમના પરિવારજનોએ આ માનપત્ર અને મોમેન્ટો સ્વીકાર્યા હતાં.

આકસ્મિક વિદાય લીધેલા સહુ જ્ઞાતિરત્નોના પરિવાર માટે આ ખૂબ જ ભાવપૂર્ણ પ્રસંગ હતો. મહાજન દ્વારા પોતાના પરિવારના દિવંગત સભ્યોનું બહુમાન થતા દરેક પરિવાર ગદ્‌ગદિત થઈ ગયો હતો.

ત્યારબાદ, જીવનના અમૂલ્ય વર્ષો જ્ઞાતિ સેવામાં સમર્પણ કરવા બદલ જ્ઞાતિના મહાનુભાવોના જ્ઞાતિરત્ન સન્માન કાર્યક્રમની શરૂઆત થઈ હતી. શ્રી રમેશભાઈ વસાણી અને શ્રી વિનુભાઈ વસાણીને આ એવોર્ડથી સન્માનિત કરાયા.

શ્રી રમેશભાઈ વસાણી અંધેરી લોહાણા વિદ્યાર્થી ભવનના પ્રમુખ છે. શ્રી સતિષભાઈ વિઠલાણીએ ખરા હૃદયથી પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, શ્રી રમેશભાઈ અનુભવમાં અને ઉંમરમાં મારાથી મોટા છે. પરંતુ એક હમઉમ્ર મિત્ર જેવો વ્યવહાર રાખે છે. અને જરૂર પડયે સલાહ સૂચન પણ કરે છે. સેવાના બદલા રૂપે કંઈ પણ ન સ્વીકારવું એવો શ્રી રમેશભાઈનો હંમેશા આગ્રહ રહ્યો છે. પરંતુ મહાજનના મોવડીઓની લાગણીઓને ન ઠુકરાવતા તેમણે આ ગૌરવ સ્વીકાર્યુ છે. પાઘડી પહેરાવી, શાલ, મોમેન્ટો આપી શ્રી રમેશભાઈ વસાણીનું સન્માન કરાયું હતું. મંચ ઉપર તેમના પરિવારજનોએ પણ સગર્વ આ સુવર્ણક્ષણોને માણી હતી. શ્રી રમેશભાઈ વસાણી એ મહાજન ઉતરોત્તર પ્રગતિ કરતું રહે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.






શ્રી સતીષભાઈ વિઠલાણીએ જણાવ્યું કે, આપણી જ્ઞાતિનું સૌભાગ્ય છે કે શિક્ષિત લોકો સમય કાઢીને સેવા આપે છે. જેમનું સન્માન કર્યું છે તેમનાથી પ્રેરણા લઈ તેમને સહુએ અનુસરવું જોઈએ.

ત્યારબાદ, બધા વિદ્યાર્થીઓ વતી એક વિદ્યાર્થિનીએ આવી મહાજનનો અને દાતાઓનો આભાર માન્યો ગ્રીન ટ્રી સર્ટિફિકેટને એક અનોખો અને પ્રેરણાસ્પદ વિચાર ગણાવ્યો હતો.

જ્ઞાતિ સાથે યુવાનો વધુ જોડાય તે માટે મહાજન દ્વારા એક નવ યુવક મંડળની સ્થાપના કરવામાં આવી છે. તે માટે શ્રીમતી રશ્મિબેન સતીષભાઈ વિઠલાણીના સૂચન અનુસાર સ્નેહમિલનમાં જ તેની જાહેરાત કરી ફોર્મ ભરવા યુવાનોને પ્રોત્સાહિત કરાયા હતાં. આ નવયુવક મંડળની જવાબદારી સ્વીકારનાર કુ. કાજોલ વજાણીએ ૧૮ થી ૪૦ વર્ષની ઉંમરના સભ્યોને આમાં જોડવાનું મહત્વ સમજાવ્યું હતું.

ત્યારબાદ, શ્રી વિનુભાઈ વસાણીનું પાઘડી પહેરાવી, શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. સન્માન સ્વીકારતા શ્રી વિનુભાઈએ જ્ઞાતિ સેવાના કાર્યોની ઝલક આપી હતી. શ્રી ઘોઘારી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી સતીષભાઈ તથા તેમની ટીમને બીરદાવી હતી.

તે જ સમયે પ્રમુખ શ્રી સતીષભાઈએ પણ તેમના પુરોગામી દરેકના ત્યાગને યાદ કર્યો હતો. જ્ઞાતિ માટે પોતાની શક્તિ અને મતિ મુજબ કામ કરનાર દરેક આદરને પાત્ર છે. તેમ જણાવ્યું હતું.

માનદ્‌મંત્રી પ્રકાશભાઈ મગદાણીએ જણાવ્યું હતું કે, ચેરમેન શ્રી કુણાલભાઈ અને વજાણી ફાઉન્ડેશન દ્વારા દરેક વિદ્યાર્થીવતી એક વૃક્ષ અને જ્ઞાતિરત્નો વતી પાંચ વૃક્ષ વાવી પર્યાવરણ રક્ષાનું અનોખું કામ કરાયું છે.

આવો જ બીજો પ્રયોગ એટલે **E-Waste Management** તે વિશે સમજાવતાં પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણીએ જણાવ્યું



કે, **E-Waste** (ઈલેકટ્રોનિક કચરો) પર્યાવરણ માટે જોખમી છે. તેને યોગ્ય રીતે **recycle** કરવો પડે.

મહાપરિષદના મુંબઈ સહ મહારાષ્ટ્રના મહિલા વિભાગના પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન ઠક્કરના સુપુત્ર શ્રી કરણભાઈના સહયોગથી આ કાર્યક્રમ હાથ ધરાયો હતો. આના અનુસંધાનમાં તારીખ ૪ અને ૫ નવેમ્બરે સભ્યોએ પોતાના જૂના ચાર્જર, ટેપરેકોર્ડર વગેરે આપણી વાડીમાં જમા કરાવ્યા હતાં. બહોળા પ્રતિસાદ બદલ ત્રણ સભ્યોને લક્કી ડ્રો દ્વારા શ્રીમતી જ્યોતિબેન ઠક્કર તરફથી એમેઝોનના વાઉચર ભેટ અપાયા હતાં.

સમયની જરૂરિયાત પ્રમાણે વિચારનાર અને કામ કરનાર કરણભાઈ અને કુણાલભાઈને અને તેમની સાથે કામ કરનાર મહાજનના સભ્યોને પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણીએ બિરદાવ્યા. નવા વિચારો લઈને આવનાર યુવાનો અને તેમના વિચારો સદા આવકાર્ય છે. એમ જણાવ્યું હતું.

ત્યારબાદ, પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણીએ તેમના હૃદયસ્પર્શી વકતવ્યમાં કારોબારી સમિતિના દરેક સભ્યની વૈયક્તિક ઓળખ કરાવી અને દરેકના કામને બિરદાવ્યું. શિક્ષિત લોકો જ્ઞાતિસેવા માટે આગળ આવે છે એ જ્ઞાતિનું સદ્‌ભાગ્ય છે. તેમ જણાવ્યું.

કારોબારી સમિતિના દરેક સભ્યની ઓળખ આપતા પ્રમુખશ્રીના શબ્દો દ્વારા દરેક સભ્ય સાથેનો તેમનો આત્મીય સંબંધ પ્રગટ થતો હતો.

મહાપરિષદના બધા કાર્યક્રમો શ્રીમતી રશ્મિબેન સતીષભાઈ વિઠલાણી કે, જેઓ મહિલા વિભાગના ઉપપ્રમુખ છે. તેમના માર્ગદર્શન હેઠળ ખૂબ જ સરસ રીતે સંપન્ન થાય છે. શ્રી સતીષભાઈએ પણ શુભેચ્છા વ્યકત કરતા જણાવ્યું કે, આપણા બધા કુટુંબોની મહિલાઓ પણ આમાં જોડાય.

શ્રી દેવેન્દ્રભાઈ સોમૈયાના અને તેમની ક્રિકેટ ટીમના વખાણ કર્યા. પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણીએ ઓસાકા ફર્નીશીંગવાળા શ્રી નિખિલભાઈની તેમના સાથ બદલ પ્રશંસા કરી. વખતો વખત મળતી સલાહ બદલ શ્રી મહેશભાઈ રાજાનો આભાર માન્યો. હંમેશા આપણી અંધેરીની વાડીનું ધ્યાન રાખનાર શ્રી વિનુભાઈ ગઢીયાની ચોકસાઈ અને સમય સૂચકતાને બીરદાવી. ટ્રેઝરર શ્રી અજયભાઈ પોપટની પ્રશંસા કરી. કાયદાકીય આંટીઘૂંટી ઉકેલનાર શ્રી રાજેન્દ્રભાઈ રાયચુરાના વખાણ કર્યા. છેલ્લા ૪૫(પીસતાલીસ) વર્ષથી સગપણ બદલ માર્ગદર્શન કરનાર શ્રી ધીરૂભાઈ તન્નાના કાર્યની પ્રશંસા કરી. સાથે-સાથે શ્રી સતીષભાઈએ શ્રી ધીરૂભાઈના માર્ગદર્શન હેઠળ એક પરિચય સમિતિની રચના કરવાનું સુચન કર્યુ હતું.

ઘોઘા વિસ્તારમાં ભાવનગર થી અમરેલી સુધી મુલાકાત લઈ કોઈપણ વ્યક્તિ ભણ્યા વગર અને નોકરી ધંધા વગર ન રહે તે લક્ષ્ય નક્કી કર્યું. આપણા પૂર્વજોએ સમાજ માટે સ્થાવર અને જંગમ મિલકતો સમાજને અર્પણ કરી ગયા છે, તેનું વ્યવસ્થિત નિયોજન કરી સમાજને તેનો લાભ મળે તેવી વ્યવસ્થા નિષ્ઠાપૂર્વક કરવાનું ઠરાવ્યું, જેથી સમાજના જરૂરીયાતમંદ વર્ગને સહાય પહોંચાડી શકાય.

શ્રી ઘોઘારી લોહાણા મહાજન **(SGLM)** ની આખી ટીમને એક વિસ્તરીત પરિવાર સમાન ગણાવી હતી.

મહાજન દ્વારા અપાતી શૈક્ષણિક લોનની મહત્તા સમજાવી હતી. વાચનાલય બનાવવાનું સૂચન કર્યુ હતું. ચેરમેન અને વ્યવસાયે સોલીસીટર એવા શ્રી કુણાલભાઈ વજાણીએ પણ મહિનામાં એક વખત કાયદાકીય માર્ગદર્શન માટે આવવાની હા પાડી હતી. વર્ષમાં આવા બે-ત્રણ કાર્યક્રમો કરી બધાએ એકબીજાના સંપર્કમાં રહેવું જોઈએ. એવો ભાવ વ્યક્ત કર્યો હતો. નવું બંધારણ બધા વાંચે તે જણાવ્યું હતું.

ત્યારબાદ, આવેલા સહુ મહાનુભાવોનું પુષ્પગુચ્છ થી સ્વાગત કરાયું હતું.

છેલ્લે માનદ્‌મંત્રી શ્રી જતીનભાઈએ આભારવિધિ કરી. મહાજન તરફથી યોજાયેલે સુંદર ભોજન સમારંભને સહુએ આનંદથી માણ્યો અને સ્નેહમિલનની યાદો સાથે, નવી યોજનાઓની વાતો કરતાં કરતાં વિદાય લીધી.



# મેડીકલ ચેકઅપ કેમ્પ - રવિવાર, તારીખ : ૧૭.૦૩.૨૦૧૯

સ્નેહી સ્વજન શ્રી,

આપણી જ્ઞાતિના સર્વ ભાઈ બહેનોને જણાવવાનું કે આપણા મહાજનશ્રી દ્વારા આ વર્ષે પણ મહાજનશ્રીના સર્વે રજીસ્ટર્ડ સભ્યો માટે ખૂબ જ રાહત દરે મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં **SRL Labs** દ્વારા નીચે જણાવ્યા મુજબના **Complete Health check up** કરવામાં આવશે.

1. Physical Examination
2. Diabetes Test (Fasting & hba1c)
3. Comprehensive Kidney Profile
4. Comprehensive Liver Profile
5. Comprehensive Lipid Profile
6. Hydroxy Vitamin D & Calcium
7. BMI
8. Urine Routine
9. TSH
10. CBC & ESR
11. ECG
12. Vitamin B 12
13. Total PSA for Male
14. Papsmear (For Female)
15. Total Iron Binding Capacity (TIBC)

ઉપરોક્ત દરેક ટેસ્ટનું નિદાન નિષ્ણાત ડૉકટરો દ્વારા કરવામાં આવશે. મહાજનશ્રીના રજી. સભ્યો માટે વાટાઘાટ કરીને રૂા. ૧,૭૫૦/- નક્કી કરેલ છે. પરંતુ સભ્યોને માત્ર રૂા. ૫૦૦/- માં ચેકઅપ કરી આપવામાં આવશે. બાકીનો ખર્ચ મહાજનશ્રી દ્વારા કરવામાં આવશે. વહેલો તે પહેલો ધોરણે માત્ર ૨૦૦ સભ્યો માટે રજીસ્ટ્રેશ કરવામાં આવશે.

આજ દિવસે આપણી જ્ઞાતિના કારોબારી સભ્ય શ્રી ડૉકટર મીહીરભાઈ ખખ્ખર ના સહયોગથી **Free Dental check up** નું આયોજન કરવામાં આવેલ છે. તથા ડૉકટર આય ઈન્સ્ટીટ્યુટ પ્રા. લી. ના સહયોગથી સંપૂર્ણ **નેત્ર ચિકિત્સા નિદાન કેમ્પનું** આયોજન પણ કરેલ છે. જેમાં નીચે મુજબની આંખની તપાસ કરવામાં આવશે.

1. REFRACTION : Computerized and Subjective Eye Check-up, using AUTOREFRACTOMETER
2. MANUAL VISION / REFRACTION
3. NUMBER CHECK UP FOR EXISTING GLASSES.
4. SLIT LAMP EXAMINATION and CONSULTATION by EXPERIENCED, QUALIFIED OPHTHALMOLOGISTS.

**નામ રજીસ્ટર્ડ કરાવવાનું સ્થળ :-** **શ્રી ઘોઘારી લોહાણા મહાજન વાડી**
લોહાણા ભુવન, પાલીરામ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૮.

**સમય :-** બપોરના ૧૨.૦૦ કલાકે થી સાંજના ૫.૦૦ કલાક સુધી .

**તારીખ :-** ૧૦.૦૨.૨૦૧૯ થી તા. ૨૫.૦૨.૨૦૧૯ સુધી.

**Complete Health Check up** બપોરના ૧૨.૦૦ વાગ્યા સુધીમાં કરવામાં આવશે. દરેક નામ નોંધાવેલ સભ્યો એ ૮.૦૦ વાગ્યા પહેલા ફરજીયાત આવી જવું જરૂરી છે.

**રિપોર્ટ કલેક્શન :** મેડીકલ કેમ્પ પૂરો થયા બાદ આઠ દિવસ પછી મહાજનશ્રીના કાર્યાલયમાંથી રીપોર્ટ લઈ જવાના રહેશે.

**નોંધ :-** ૧) વહેલો તે પહેલો ધોરણે ૨૦૦ સભ્યોનું જ રજીસ્ટ્રેશન કરવામાં આવશે. ૨) ફોન ઉપર રજીસ્ટ્રેશન કરવામાં આવશે નહીં. ૩) રૂા. ૫૦૦/- ભરી મહાજનશ્રીની ઑફિસમાંથી રજીસ્ટ્રેશન કરાવી રશીદ લેવાની રહેશે. આ રશીદ કેમ્પના દિવસે સાથે લાવવી. ૪) ફક્ત ૩૫ વર્ષથી ઉપરના તથા પરિવાર દીઠ વધુમાં વધુ ૨(બે) સભ્યો આ કેમ્પનો લાભ લઈ શકશે. ૫) ટેસ્ટ કરાવવાના દિવસે ચા-નાસ્તા વગર આવવાનું રહેશે.(૧૨ થી ૧૩ કલાકનું ભુખ્યા પેટે રહેવું **(Fasting)** જરૂરી છે. ૬) રજીસ્ટ્રેશન કરાવતી વખતે **Urine** માટે **Container** આપવામાં આવશે. જેમાં કેમ્પના દિવસે સવારનું પહેલું **Urine** સાથે લઈ આવવાનું રહેશે.

**લિ.**

| | | | |
|---|---|---|---|
| સતીષભાઈ વિઠલાણી | પ્રમુખ | જતીનભાઈ પોપટ | માનદ્ મંત્રી |
| અષ્ટકાંતભાઈ સુચક | ઉપપ્રમુખ | પ્રકાશભાઈ મગદાણી | માનદ્ મંત્રી |
| ધર્મીબેન મગદાણી | ઉપપ્રમુખ | રાજેન્દ્રભાઈ રાયચુરા | માનદ્ મંત્રી |

**મેડીકલ સમિતી કન્વીનર : ડૉ. સૂર્યાબેન રૂપારેલીયા**

# તિબેટીયન ચિકિત્સા શિબિર



શ્રી ઘોઘારી લોહાણા મહાજન તથા કોસ્મિક હાર્ટ ગેલેરીના સૌજન્યથી શ્રી ઘોઘારી લોહાણા મહાજનવાડી, અંધેરી (વેસ્ટ) ખાતે મંગળવાર, તારીખ ૨૦.૧૧.૨૦૧૮ થી ગુરૂવાર, તારીખ ૨૨.૧૧.૨૦૧૮ સુધી ત્રિદિવસીય તિબેટીયન ચિકિત્સા શિબિર હેલ્ધી બોડી હેલ્ધી માઈન્ડ સફળતાપૂર્વક સંપન્ન થયો.

લ્હાસામાં તેરમા દલાઈ લામા દ્વારા સ્થાપવામાં આવેલી મેન-ત્સી-ખાંગ અર્થાત તિબેટીયન મેડિકલ એન્ડ એસ્ટ્રો ઈન્સ્ટીટયુની સ્થાપનાના ૧૦૨ વર્ષની ઉજવણી નિમિત્તે મુંબઈમાં આ શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરનું આયોજન શ્રી ઘોઘારી લોહાણા મહાજનના સૌજન્યથી ગ્લોબલ એવિયેશનના શ્રી હિરાભાઈ, શ્રીમતી ઈંદિરાબેન, કું. જલ્પાબેન વિઠલાણી તથા મિડિયા પાર્ટનર જન્મભૂમિના સહયોગથી સફળતાપૂર્વક કરવામાં આવેલ હતું.

શ્રી ઘોઘારી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી સતીષભાઈ વિઠલાણીએ આ ભગીરથ કાર્યને હાથ ધરીને ફક્ત લોહાણા જ્ઞાતિજનો માટે જ નહી પરંતુ આપણા દેશના દરેકે દરેક નાગરિકો તેનો લ્હાવો લઈ શકે તે માટે ખાસ વ્યવસ્થા કરી હતી. પરંપરાગત તિબેટીયન ચિકિત્સા પ્રસિધ્ધિ દરેક પ્રકારના કેન્સર, સ્ત્રી રોગ, લિવર અને કીડનીના રોગો, ડાયાબીટીસ, આર્થરાઈટીસ જેવા જટિલ રોગોની સફળતાપૂર્વક સારવાર માટે પ્રસિધ્ધ છે. જેની માટે દુનિયાના વિવિધ સ્થળેથી લોકો સારવાર અર્થે ધરમશાળા સ્થિત તેમના ચિકિત્સાલયમાં જાય છે. આ પ્રસિધ્ધિને ધ્યાનમાં લઈને આપણા પ્રમુખ શ્રી સતિષભાઈ વિઠલાણીએ દીર્ઘ દૃષ્ટિ રાખીને આ શિબિર ફકત લોહાણા જ્ઞાતિ માટે સિમિત ન રાખતા દરેક વ્યક્તિ તેનો લાભ લઈ શકે તે માટે મંજુરી આપી અને એક ઉમદા માનવસેવાનું ઉદાહરણ પુરૂં પાડયું હતું.

આ શિબિરનું ઉદ્‌ઘાટન ભૂતપૂર્વ એમ. પી. શ્રીમતી પ્રિયા દત્ત રોન્કોન અને આપણી જ્ઞાતિના સોલીસીટર શ્રી મહેન્દ્રભાઈ ઘેલાણીએ દિપ પ્રાગટ્યથી કર્યું હતું. મહાજનના પ્રમુખશ્રી સતિષભાઈ વિઠલાણીએ જણાવ્યું હતું કે, હું દલાઈ લામા, બૌધ્ધ સાધુઓ અને તિબેટીયન પરંપરા તથા સંસ્કૃતિ વિશે આદર ધરાવું છું, તેમનું જીવન અને માનવ સેવાના કાર્યો સમાજ માટે દૃષ્ટાંતરૂપ છે. અને આ શિબિર આપણા મહાજનના સહયોગથી થઈ રહી છે. તેનો મને આનંદ છે.

ત્યારબાદ, અતિથિ વિશેષનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. અને શિબિરના દરેક ડૉકટરોને મોમેન્ટો આપવામાં આવ્યા હતા. મૂળભૂત રીતે **ILLNESS** નહીં પણ **WELLNESS** પર વધુ ધ્યાન આપનાર પધ્ધતિ માટે સોલીસીટર શ્રી મહેન્દ્રભાઈએ જણાવ્યું હતુ કે, દરેક ચિકિત્સા પધ્ધતિનું આગવું મહત્વ છે. પરંતુ તિબેટીયન ચિકિત્સા પધ્ધતિ શરીર, મન અને આત્મા ત્રણેયનું ધ્યાન રાખે છે. તે વિશેષ વાત છે. શ્રીમતી પ્રિયા દત્ત રોન્કોને પણ જણાવ્યું હતું કે, આજના યુગમાં બદલાતી જીવનશૈલીને કારણે ઘણી જ નાની ઉંમરમાં જટિલ રોગો થાય છે. માટે આવી તિબેટીયન ચિકિત્સા પધ્ધતિનો સર્વત્ર ફેલાવો થવો જોઈએ અને વધુમાં જણાવ્યું હતું કે, **WE**







**NEED TO GO BACK TO TAKE PRIVILEGE FROM OUR CULTURE.**

આ ચિકિત્સા શિબિરમાં તમામ ધર્મના લોકો સહભાગી થયા હતા. તથા ગુજરાત, મહારાષ્ટ્ર અને ઈન્દોરથી પણ લોકોએ ભાગ લીધો હતો. શિબિરમાં કુલ ૭૫૦ થી વધારે લોકોએ લાભ લીધો હતો. જેમાં મુખ્ય આર્જેન્ટીનાના રાજદ્વારીઓ, પોલીસ કર્મીઓ, પાલિકા અધિકારીઓ, ડૉકટર તથા બ્રહ્માકુમારીના બહેનોનો પણ સમાવેશ થતો હતો. આવનાર દર્દીઓએ હર્બલ દવાઓ, આહાર અને જીવનશૈલીને લગતા સુચનો, શારીરિક થેરેપી, આધ્યાત્મ માર્ગદર્શન અને તિબેટીયન પધ્ધતિના જ્યોતિષશાસ્ત્રનો પણ લાભ લીધો હતો.

શ્રી ઘોઘારી લોહાણા મહાજનવાડીની તો જાણે શિકલ જ બદલાઈ ગઈ હતી. ચોકમાં ચંદરવા હેઠળ બધી જ દવાઓના નમુનાઓ વ્યવસ્થિત રીતે ગોઠવાયા હતા. રજીસ્ટ્રેશનનો વિભાગ પણ ત્યાં જ રખાયો હતો. કોન્ફરન્સ રૂમમાં અલગ અલગ કેબિનો બનાવવામાં આવી હતી. જ્યાં ડૉકટરો દર્દીઓને તપાસતા હતા. જેની પૂરી વ્યવસ્થા શ્રી રાજેશ લાખાણી ડેકોરેટર્સ દ્વારા કરવામાં આવી હતી.

શ્રીમતી ઈંદિરાબેન તથા શ્રી હિરાભાઈ વિઠલાણી કે, જેઓ શિબિરના મુખ્ય પ્રાયોજક હતા અને તેમના સુપુત્રી કુ. જલ્પાબેન વિઠલાણી કે જેઓ શિબિરના અગ્રિમ કાર્યકર્તા હતા. શ્રી ઘોઘારી લોહાણા મહાજને આપણી સંપૂર્ણ અંધેરી વાડીની જગ્યા આ શિબિર માટે ઉપલબ્ધ કરી આપી હતી. અને શિબિરના ડૉકટરો તથા અન્ય કાર્યકર્તાઓના રહેવાની સગવડો પણ કરી આપી હતી. શિબિરના સમાપનવિધિમાં શ્રી ઘોઘારી લોહાણા મહાજનના ઉપપ્રમુખ કું. ધર્મીબેન મગદાણીએ આ કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવા બદલ કારોબારીના દરેકે દરેક સભ્યો, મહાજનની ઑફિસનો સ્ટાફ, શિબિરના ડૉકટરો અને અન્ય કાર્યકર્તાઓ તથા શ્રી રાજેશભાઈ લાખાણી ડેકોરેટર્સનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.







GLOBAL

Seasons Greetings

with Best Compliments from:

Indira & Hirabhai Vithalani

Global Aviation Services Pvt Ltd · Global Airport & Ground Services Pvt Ltd · JTB Jupiter Express Services Pvt Ltd · JTB Travels Pvt Ltd · Global Leisure · BigSpring · Cosmic Heart Gallery · Global Agritech I Pvt Ltd

# તબીબી સહાય સમિતિ અહેવાલ

આપણું મહાજન પોતાના સભ્યો તથા તેમના પરિવારના આરોગ્ય બાબત સતત જાગૃત રહે છે. અને વખતો વખત મેડીકલ કેમ્પનું આયોજન કરે છે. એપ્રિલ ૨૦૧૮ થી ડિસેમ્બર ૨૦૧૮ સુધી કુલ ૧૨૦ એપ્લીકેશન મેડીકલ સહાય માટે મળેલી હતી. જેમાંથી ૧૦૨ અરજદારને રૂા. ૧,૮૨,૫૯૯/- ની ઔષધ સહાય અપાઈ હતી. અને ૧૮ અરજદારને હૉસ્પિટલ ખર્ચ પેટે રૂા. ૪,૧૦,૭૦૦/- આપવામાં આવ્યા હતાં. જેમાંથી રૂા. ૩,૧૦,૭૦૦/- ઘોઘારી ચેરીટેબલ ટ્રસ્ટ અને રૂા. ૧,૦૦,૦૦૦/- શેઠ ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ તરફથી અપાયા હતા.

આમ કુલ રૂા. ૫,૯૩,૨૯૯/- મેડિકલ સહાય પેટે આપવામાં આવ્યા હતા.

- **શ્રી પ્રકાશભાઈ મગદાણી** (તબીબી સહાય સમિતિ કન્વીનર)

મહાજન દ્વારા અપાતી ઔષધ સહાયની સેવાઓનો હાલમાં લાભ લેતા સભ્યો તથા ભવિષ્યમાં લેવાની ઈચ્છા રાખનારા સભ્યોએ ખાસ નોંધ લેવાની કે, હવે પછી થી તાત્કાલિક અમલમાં આવે તે રીતે તમે તમારા ડૉકટર પાસે ચેક-અપ કરાવવા જાઓ તો, તમારા ડૉકટરને ખાસ ભલામણ કરવી કે તેઓ જેનરિક દવાઓ લખી આપે સરકારના ફરમાન અને સૂચન મુજબ મોઘી પેટન્ટ દવાઓને બદલે જનેરીક દવાઓના પ્રીસ્ક્રીપસન લખાવવા. જેથી મહાજન વધુમાં વધુ સભ્યોને ઔષધી સહાયનો લાભ આપી શકે.

# શિક્ષણ સહાય સમિતિ અહેવાલ

શિક્ષણ પ્રત્યે સદા જાગૃત આપણું મહાજન સમયસર અને નિયમસર બાળકોને શિક્ષણ માટેની જોઈતી આર્થિક સહાય મળી રહે તે પ્રત્યે પ્રયત્નશીલ હોય છે. કુલ ૩૩ અરજી આવેલ હતી, જેમાંથી ૨૩ ને મંજુરી આપતા શાળા તથા કૉલેજની ફી પેટે આપણા મહાજનને રૂા. ૫,૧૧,૭૬૯/- તથા ૫(પાંચ) અરજીને ટ્યુશન કલાસ ફી પેટે રૂા. ૧,૬૫,૦૦૦/- અપાયા. તથા ૪(ચાર) અરજીને શેઠ ખીમજી ભગવાનદાસ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી શાળા-કૉલેજની ફી પેટે રૂા. ૧૦,૦૦,૫૦૦/- અને ટ્યુશન ફી પેટે ૧(એક) અરજદારને રૂા. ૩૦,૦૦૦/- સહાય કરી હતી. આમ કુલ રૂા. ૧૭,૦૭,૨૬૯/- ની સહાય માંથી રૂા. ૧૫,૧૨,૨૬૯/- શાળા-કૉલેજની ફી પેટે તથા રૂા. ૧,૯૫,૦૦૦/- રકમની ટ્યુશન ફી પેટે સહાય કરી હતી.

- **કુ. ધર્મીબેન મગદાણી** (શિક્ષણ સહાય સમિતિ કન્વીનર)

# આર્થિક સહાય સમિતિ અહેવાલ

સમાજના આપણા બાંધવોને આર્થિક અડચણના હિસાબે જીવન જીવવું અઘરૂં ન પડે અને હિણપત અનુભવ્યા વગર સરળતાથી જીવન જીવી શકે તેની તકેદારી આપણું મહાજન ખુબ જ સારી રીતે જાળવે છે.

મહાજનની ગતિવિધીઓમાં આર્થિક સહાયને પણ બીજી સહાય જેટલું જ મહત્વ આપવામાં આવે છે અને આપણા સમાજના સભ્યોના પરિવારને આર્થિક અડચણના હિસાબે જીવનની જરૂરીયાતોથી વંચિત ન રહેવું પડે તેનું પુરતું ધ્યાન રાખવામાં આવે છે.

**આર્થિક સહાયના ફોર્મ આપણી અંધેરી વાડીની ઑફિસમાંથી ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૯ સુધીમાં જરૂરીયાતવાળા સભ્યોએ લઈ જવા અને ૩૦ માર્ચ ૨૦૧૯ પહેલા સંપૂર્ણરીતે ભરી અને જરૂરી દસ્તાવેજો સાથે જમા કરાવવા.**

- **શ્રી મનોજભાઈ ગઢીયા** (આર્થિક સહાય સમિતિ કન્વીનર)



## શ્રી લોહાણા મહાપરિષદ



# રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ / ભાગવત વિદ્યાપીઠ સોલા

## સંચાલિત

# શ્રી ખીમજી ભગવાનદાસ આર.સી.ટી. ભાગવત અતિથિ ભવન

અમદાવાદ ખાતે ભાગવત વિદ્યાપીઠ સંકુલમાં નવીનીકરણ પામી રહેલ અતિથિ નિકેતનમાં શ્રી ખીમજી ભગવાનદાસ ચેરીટી ટ્રસ્ટ, મુંબઈ તથા અન્ય દાતાશ્રેષ્ઠીશ્રીઓના સાથ સહકારથી આ કાર્ય આગળ વધી રહ્યું છે. પ્રાથમિક તબક્કામાં લોકાર્પણ પામેલ એક વિંગના ૨૦ જેટલા રૂમો ખૂલ્લા મુકાયેલ છે. આ રૂમોના ઉપયોગ માટે સંચાલન સમિતિની બેઠકમાં સુનિશ્ચિત કરાયેલ દરોએ રૂમોની તેમજ અન્ય વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.





## ૨૦ રૂમો, યોગ્ય સગવડો સાથે રોકાણ માટે ઉપલબ્ધ

## રૂમ ચાર્જ : ૯૫૦/-

**સારવાર અર્થે અમદાવાદ આવતા જરૂરિયાતમંદ પરિવારો માટે**

**વિનામૂલ્યે રોકાવાની સુવિધા ઉપલબ્ધ.**

**સ્થાનિક મહાજનશ્રીનો ભલામણ અનિવાર્ય છે.**

**વધુ માહિતી માટે સંપર્ક સૂત્ર : શ્રી મધુકર મજીઠીયા - મો.: ૯૯૭૯૮૫૬૭૦૦**

# શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજ


શ્રીમતી રશ્મિબેન વિઠલાણી

શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજના અધ્યક્ષ અને ટ્રસ્ટી શ્રીમતી રશ્મિબેન વિઠલાણીએ સંસ્થાના કાર્યકારી પ્રમુખ તરીકેનો હોદ્દો સંભાળી લીધો છે. શ્રીમતી રશ્મિબેન વિઠલાણીની દોરવણી હેઠળ મહિલા સમાજ ઉતરોત્તર પ્રગતિ સાધે તેવી શુભેચ્છા!

## કાર્યક્રમ નં. ૧ – સ્નેહ સંમેલન

દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજ અંધેરીએ તારીખ ૧૭.૧૧.૨૦૧૮ના શનિવારે બપોરે ૩.૦૦ કલાકે નવા વર્ષના સ્નેહ સંમેલનનું સુંદર આયોજન કર્યું હતું. બોલીવુડ એક્સપ્રેસ નામના મ્યુઝીકલ કાર્યક્રમથી સહુના દિલ ઝુમી ઉઠયા હતા. નૃત્યમાં વયનો ભેદ તો જાણે વિસરાઈ ગયો હતો. બહેનો પોતાની મનગમતી બોલીવુડની તારીકાઓની જેમ સુંદર તૈયાર થઈને આવ્યા હતા.

પ્રમુખ શ્રીમતી ઉષાબેન વજાણીએ ઉપસ્થિત સર્વે મહેમાનોને નવા વર્ષની શુભેચ્છા પાઠવી અને અંતરના ઉમળકાથી આવકાર આપ્યો હતો. ત્યારબાદ, શ્રીમતી કલ્પનાબેન પોપટના હસ્તે દીપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. અને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. મંડળના અધ્યક્ષ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી, શ્રીમતી રેખાબેન વસાણી તથા શ્રીમતી લિપીબેન વસાણી મંચને શોભાવી રહ્યા હતા.

હિન્દી ફિલ્મ સંગીતના શ્રીમતી પ્રીતિબેન સોઢાના જ્ઞાનને ઉપસ્થિત બહેનોએ તથા પ્રોફેશનલ સીંગરે પણ બિરદાવ્યું હતું. સુંદર રીતે તૈયાર થઈને ડાન્સ કરનાર બહેનોને ટ્રસ્ટી શ્રીમતી પ્રીતિબેન સોઢા તથા ઉપપ્રમુખ શ્રીમતી ભાવનાબેન તન્ના તરફથી ૧૦(દશ) ઈનામો જાહેર કરાયા હતા. છેલ્લે ગુજરાતના ગરબાના તાલે ઉપસ્થિત સર્વે બહેનોએ ગરબા રમ્યા હતા. અને ત્યારબાદ, ઉપસ્થિત સર્વે બહેનોએ શ્રીમતી રશ્મિબેન સતીષભાઈ વિઠલાણી, શ્રીમતી રજનીબેન સાયાણી, શ્રીમતી રમાબેન જે. રાજા, શ્રીમતી પ્રીતિબેન એન સોઢા, શ્રીમતી ચંદ્રિકાબેન તન્ના તથા શ્રીમતી અનસૂયાબેન જી. વસાણી તરફથી આયોજીત પ્રીતિ ભોજનને માણ્યું હતું.

શ્રી ઘોઘારી લોહાણા મહિલા સમાજના સ્નેહ મિલનના કાર્યક્રમની સફળતાનું શ્રેય પ્રમુખ શ્રીમતી ઉષાબેન વજાણી તથા મહિલા સમાજના દરેકે દરેક કાર્યકર્તાઓની નિઃસ્વાર્થ સેવાને જાય છે.

## કાર્યક્રમ નં. ૨ – સાંસ્કૃતિક પ્રોગ્રામ

ઈસુના નવા વર્ષ ૨૦૧૯ને વધાવતો અતિ સુંદર કાર્યક્રમ તારીખ ૨૨.૧૨.૨૦૧૮ને શનિવારે શ્રી ઘોઘારી લોહાણા મહાજનવાડી, પાલીરામ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૮ ખાતે યોજાયો હતો. આપણા દેશના અલગ અલગ રાજ્યોમાંથી મનગમતા રાજ્યો પસંદ કરી તે રાજ્યના લોકનૃત્ય બહેનોએ રજુ કર્યા હતા.

ઉત્સાહ અને ઉમંગથી આખો કાર્યક્રમ અતિ સુંદર રીતે સહુએ માણ્યો હતો. સાથે ડી. જે. પાર્ટી મ્યુઝીક પણ હતું. જેમાં ઉપસ્થિત બહેનો અને કમિટી બહેનોએ પણ ડાન્સ કર્યા હતા.

પ્રમુખ શ્રીમતી ઉષાબેન વજાણી તરફથી સહુ માટે સુંદર નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

લોક નૃત્યમાં ભાગ લેનાર બધા જ બહેનોને ટ્રસ્ટી તેમજ અધ્યક્ષ શ્રીમતી રશ્મિબેન વિઠલાણી તરફથી સુંદર ભેટ આપવામાં આવી હતી.

ટ્રસ્ટી શ્રીમતી પ્રીતિબેન સોઢા તથા ઉપપ્રમુખ શ્રીમતી ભાવનાબેન તન્નાએ ખૂબ જ સુંદર રીતે કાર્યક્રમને આયોજીત કર્યો હતો.

કમિટીના સર્વે બહેનોનું ટીમવર્ક અને મેમ્બર બહેનોનો ઉત્સાહ કાર્યક્રમમાં સર્વત્ર દેખાતા હતાં.





## જ્ઞાતિજનોના સરનામા વિશે ખાસ

આથી સર્વે જ્ઞાતિજનોને જાણ કરવાની કે, જે સભ્યોના રહેઠાણના સરનામા બદલાઈ ગયા હોય, તેમ જ અંક કે સરકયુલર ન મળતા હોય, કે ડબલ મળતા હોય તેમણે મહાજનશ્રીના કાર્યાલયમાં અંધેરી ખાતે રૂબરૂ અથવા ટપાલ દ્વારા અથવા વોટ્સઅપ પર યોગ્ય સરનામાની જાણ કરવા વિનંતી.

**મોબાઈલ નં. : ૯૯૮૭૨૪૦૪૦૪**

## આપણી જ્ઞાતિના ઉભરતા લેખક ભાઈ-બહેનો માટે

આપના મૌલિક, પ્રગટ - અપ્રગટ સાહિત્ય લેખો, કાવ્ય, લઘુકથા, જ્ઞાતિના કાર્યલયમાં મોકલવા કે જેથી સગવડતા પ્રમાણે આપણા મુખપત્રમાં છાપી વાચકો સુધી પહોંચાડી શકાય. તે માટે નીચે દર્શાવેલ બાબતોની ખાસ નોંધ લેવા વિનંતી.

૧) લખાણ કાગળની એક જ બાજુ પર લખવા વિનંતી.

૨) લખાણ વાંચી શકાય તેવા સુંદર અને સ્પષ્ટ અક્ષરમાં લખવુ જરૂરી.

૩) મોકલનારે પોતાનું નામ, સરનામું, સભ્ય નંબર તથા ફોન નંબર લખવો જરૂરી છે.

૪) લખાણ દરેક મહિનાની ૧૫ તારીખ પહેલા કાર્યાલયમાં મળી જવું જરૂરી છે.

૫) કૃતિઓ, લેખો, કાવ્યો વગેરે ગુણવત્તાના ધોરણે સંપાદક મંડળના નિર્ણયને આધારે જ સ્વીકારાશે. તથા છપાશે, જે માટે કોઈપણ જાતના ખુલાસા કે ચર્ચાનો અવકાશ રહેશે નહીં.


## શ્રી લોહાણા મેરેજ બ્યુરો

-: સમય :-
સોમ થી શનિ :-
૧૦ થી ૧
સાંજે ૪ થી ૭
રવિવાર : ૧૦ થી ૧

વસંતભાઈ ઉનડકટ
મો.: ૯૮૨૦૬ ૪૪૪૭૩
ફોન : ૨૮૦૭ ૪૬૮૧

